ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

Fax : (૦૭૯) ૨૬૩૦ ૨૬૫૪
Phone : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ - ૨૬૩૦૦૬૬૪
Telegram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. ૪૦૧૦,NAVARANGPURA,
AHMEDABAD-૩૮૦૦૦૯. (INDIA)

નં. પરીક્ષા/ગેરરીતિ/ ૧૦૮૨૩ /૨૦૧૪ તારીખ.૧૦-૪-૨૦૧૪

***અત્યંત જરૂરી/અગત્યનું:***

***પરિપત્ર : ૯૦***

આથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ યુનિવર્સિટી પ્રસ્થાપિત/માન્ય સંસ્થા/ વિભાગોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા યોજાતી વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ સંદર્ભમાં કોપી કેસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓની ડીબાર્ડની મુદત (સજાનો સમય) તેમજ પ્રવેશ બાબતે અસ્પષ્ટતા રહેતી હતી. જેના કારણે કેટલીક કોલેજો દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા પ્રવેશ અને ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ ખોટી રીતે આપી દેવામાં આવતાં હતાં. તેના કારણે વિદ્યાર્થીઓ ખોટી રીતે મુસ્કેલીમાં મુકાતા હતાં. આ બાબતે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

**ડીબાર્ડ (સજાની) વિગત (કોલેજ તથા વિદ્યાર્થીઓની જાણ સારૂ):**

(૧) **F + ૦ :**

પરિણામ રદ કરવું તેમજ તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે નહીં. ત્યારબાદ આવતી પરીક્ષામાં બેસી શકશે અને ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.
**(દા.ત. ડીસેમ્બર-૨૦૧૩ની પરીક્ષામાં સેમે-૧માં કોપી કેસ થયેલ વિદ્યાર્થીને ડીસેમ્બર-૨૦૧૪માં લેવાનારી પરીક્ષા આપી શકે. તેમજ જાન્યુઆરી-૨૦૧૫માં આગળના સેમેસ્ટર-૨માં પ્રવેશપાત્ર બનશે.)**

(૨) **F + ૧ :**

પરિણામ રદ કરવું તેમજ ત્યારબાદ આવતી પરીક્ષા પણ આપી શકશે નહીં. એટલે કે, વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોય તે ઉપરાંતની એક પરીક્ષા આપી શકશે નહીં. ત્યારપછી આવતી પરીક્ષામાં બેસી શકશે. તેમજ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.
**(દા.ત. ડીસેમ્બર-૨૦૧૩ની પરીક્ષામાં સેમે-૧માં કોપી કેસ થયેલ વિદ્યાર્થીને ડીસેમ્બર-૨૦૧૫માં લેવાનારી પરીક્ષા આપી શકે. તેમજ જાન્યુઆરી-૨૦૧૬માં આગળના સેમેસ્ટર-૨માં પ્રવેશપાત્ર બનશે.)**

(૩) **F + ૨ :**

પરિણામ રદ કરવું તેમજ ત્યારબાદ આવતી બે પરીક્ષા પણ આપી શકશે નહીં. એટલે કે, વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોય તે ઉપરાંતની બે પરીક્ષા આપી શકશે નહીં. ત્યારપછી આવતી પરીક્ષામાં બેસી શકશે. તમજ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.
**(દા.ત. ડીસેમ્બર-૨૦૧૩ની પરીક્ષામાં સેમે-૧માં કોપી કેસ થયેલ વિદ્યાર્થી ડીસેમ્બર-૨૦૧૬માં લેવાનારી પરીક્ષા આપી શકે. ત્યારબાદ જાન્યુઆરી-૨૦૧૭માં આગળના સેમેસ્ટર-૨માં પ્રવેશપાત્ર બનશે.)**

(૪) **જે તે વિષય/પેપરમાં નાપાસ : જે તે વિષય/પેપરમાં ઝીરો (Zoo) ગુણ આપી પરિણામ જાહેર કરવું :**

વિદ્યાર્થીને જે તે વિષય/પેપરમાં જ નાપાસ કરેલ હોય તો વિદ્યાર્થીનું જે તે સેમેસ્ટરનું પરિણામ જાહેર કરવું તેમજ તે વિદ્યાર્થી ઉપલાના સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બને છે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

Fax : (૦૭૯) ૨૬૩૦ ૨૬૫૪
Phone : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ - ૨૬૩૦૦૬૬૪
Telegram : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. ૪૦૧૦,NAVARANGPURA,
AHMEDABAD-૩૮૦૦૦૯. (INDIA)



(૫) વધુમાં વિદ્યાર્થીને જે તે સેમેસ્ટરમાં કોપી કેસ થયેલ હોય પરંતુ તેને પાછળના સેમેસ્ટરની કોઇ પરીક્ષા બાકી હોય તો તે પરીક્ષા આપવાને પાત્ર બને છે.
**(દા.ત. વિદ્યાર્થીને સેમે-૩માં કોપી કેસ થયેલ હોય તો તે વિદ્યાર્થીને સેમે-૧ તથા ૨માં કોઇ પણ વિષય/પેપરમાં નાપાસ હોય તો તે પરીક્ષા આપી શકે છે.)**

(૬) આ ઉપરાંત વિદ્યાર્થીએ જે તે પરીક્ષામાં જે વિષય/પેપરમાં **પ્રેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની** પરીક્ષા સંપૂર્ણ અલગ-અલગ હેડમાં હશે તે પરીક્ષા વિદ્યાર્થીએ પુન: આપવાની રહેશે નહીં. પરંતુ જે વિષય/પેપરમાં થીયરીની સાથે પેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની પરીક્ષાનો એક જ હેડમાં સમાવેશ થયો હશે તેવી પરીક્ષાઓમાં પકડાયેલ વિદ્યાર્થીએ તેની થીયરીની સાથે પ્રેકટીકલ/લેસન/ પ્રોજેકટ/વાયવાની પરીક્ષા ફરજીયાત પુન: આપવાની થશે.

ગેરરીતિમાં પકડાયેલ વિદ્યાર્થીની એક યાદી પરીક્ષા પૂરી થયા બાદ યુનિવર્સિટી વેબસાઇટ પર મૂકવામાં આવશે. જેના આધારે કોલેજે પોતાની કોલેજના ગેરરીતિ કેસમાં પકડાયેલ વિદ્યાર્થીને યુનિવર્સિટી દ્વારા લેવાયેલ નિણર્ય બાદ જ એટલે કે ગેરરીતિમાં પકડાયેલ વિદ્યાર્થીની સામે દર્શાવેલ જે તે સજાનો સમય પૂરો થયા બાદ જ પરીક્ષા આપી શકશે અને ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે. જો કોઇ વિદ્યાર્થીની સજા પૂરી થયા પહેલાં કોઇપણ કોલેજે ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ આપેલ હશે કે જે તે સેમેસ્ટરની પરીક્ષા આપી હશે, તે યુનિવર્સિટીના ધ્યાન પર આવશે તો તે પરીક્ષા શુદ્ધિ-સમિતિએ સજાના કરેલ નિયમ પ્રમાણે વિદ્યાર્થીએ લીધેલ પ્રવેશ કે આપેલ પરીક્ષા બન્ને રદ થશે. જેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. આ અંગેની ચોકસાઇ જે તે કોલેજે જ કરવાની રહેશે

ઉપરોકત સજાના નિયમોને ધ્યાનમાં રાખી કોલેજે કોપી કેસમાં પકડાયેલ વિદ્યાર્થીઓ માટે ફરજીયાતપણે અનુસરવાનું રહેશે. તેમજ કોલેજે તથા વિદ્યાર્થીએ કડકપણે આનો અમલ કરવાનો રહેશે.

**કા.કુલસચિવ વતી.**

**પ્રતિ,**

**(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ ભવનોનો અધ્યક્ષશ્રીઓ તરફ.....**

**(૨) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજાના આચાર્યશ્રીઓ તરફ....**